પોલીસ ઈન્સ્પેકટરની કચેરી વટવા પોલીસ સ્ટેશન
અમદાવાદ શહેર
ફોનનં-૦૭૯-૨૫૭૧૦૦૭૪
પોલીસ કંટ્રોલરૂમ ટેલીફોન નંબર—૦૭૯-૨૫૬૨૭૫૧૦

==============================================

## સારીકામગીરી

## ચોરીના ૯ મોબાઈલ ફોન સાથે એક આરોપીને પકડી પાડતી વટવા પોલીસ

આગામી આવતા જન્માષ્ટમી તહેવાર અનુસંધાને અમદાવાદ શહેર પોલીસ કમીશ્નરશ્રી એ.કે.સિંઘ સાહેબનાઓની સુચનાથી અધિક પોલીસ કમિશ્નર સેકટર-૨ શ્રી એમ.એસ.ભરાડા સાહેબ સાહેબ તથા નાયબ પો.કમી.ઝોન ૬ શ્રી બિપીન આહિરે સાહેબ તથા મ.પો.કમી.“જે” ડીવીઝન શ્રી આર.બી.રાણા સાહેબનાઓની સુચના તથા સીધા માર્ગદર્શન હેઠળ વટવા પોલીસ સ્ટેશન પોલીસ ઈન્સપેકટર એચ.વી.સીસારા સાહેબ નાઓએ વટવા પોલીસ સ્ટેશન વિસ્તારમાં મિલ્કત સંબધી ગુના શોધવા માટે સર્વેલંસ સ્કોડ પો.સ.ઇ.એમ.જી.પટેલ નાઓ નાઈટમા પેટ્રોલીંગમાં હતા દરમ્યાન અ.હે.કો. શૈલેંદ્રસિંહ બટુકસિંહ તથા અ.લો.ર.મનીષકુમાર ધીરજભાઇ નાઓની ચોક્કસ અને આધાર ભુત બાતમીના આધારે “વટવા સદાની ધાબી કેનાલ પાસેથી વટવા પોલીસ સ્ટેશનના હિસ્ટ્રીશીટર નામે સાબીરભાઇ ઉર્ફે બાટલો સ/ઓ ઉસ્માનભાઇ નુરમોહમદ જાતે-રંગરેજ ઉ.વ-૪૯ ધંધો-રીક્ષા રહે-બુરહાની સોસાયટી શકુરી મસ્જીદ પાસે સૈયદવાડી વટવા અમદાવાદ શહેરનાઓને પોતાના કબ્જામાથી કુલ્લે અલગ અલગ કંપનીના ૯ મોબાઈલ ફોન કિ.રૂ.૫૩૨૦૦/- ની મતાના મુદ્દામાલ સાથે પકડી સદરી ૯ મોબાઇલ ફોન ધી CRPC કલમ ૧૦૨ મુજબ તપાસ અર્થે પંચનામા વિગતે કબ્જે કરી સદરી ઈસમને CRPC કલમ ૪૧(૧)(ડી) મુજબ તા.૨૧/૦૮/૨૦૧૯ ક્લાક-૨૩/૪૫ વાગે પકડી અટક કરી સદરી ઈસમની પૂછપરછ કરતા સદર ઈસમ અગાઉ વટવા પોલીસ સ્ટેશનમા સને ૨૦૧૨ મા રાંધણગેસના બાટલા ચોરીમા પકડાયેલ છે.ઉપરોક્ત મોબાઈલ ફોન બાબતે તપાસ કરાવતા અત્રેના પો.સ્ટે. ફસ્ટ ગુ.ર.નં.૧૦૪/૨૦૧૯ ધી ઈ.પી.કો. કલમ ૩૭૯ મુજબના કામે ચાર મોબાઈલ ચોરીયે ગયેલ હોઈ જે ગુનો ડીટેકટ કરી સારી કામગીરી કરેલ છે.

